दाखल तारीख :– १६–०४–२०२१
નોંધણી તારીખ :– ૧૬–૦૪–૨૦૨૧
ફેસલ તારીખ :– ૧૭–૦૪–૨૦૨૬
સમય ગાળો :– <u>વર્ષ–માસ–દિવસ</u>
૦૫ –૦૦ – ૦૦૨

---

**મે. ગાંધીધામનાં પ્રિસાઈડીંગ ઓફીસર ,(ઝેડ.જી. મોદન), લેબર કોર્ટ (જે.ડી.) ગાંધીધામ, જી. કચ્છ.**

---

**રેફરન્સ (ટી) નં. ૪૪ / ૨૦૨૧**
**આંક ::–**

રમેશકુમાર ગમનારામ મેંસન,
રહેઃ– મકાન નં.૭૯, સેક્ટર –૧,
ઓસ્લો વિસ્તાર,
ગાંધીધામ–કચ્છ. ..... અરજદાર

**વિરૂધ્ધ**

બક્કારોઝ પરફ્યુમ એન્ડ બ્યુટી પ્રોડકટસ પ્રા. લી.
(મારફતે તેના વ્યવસ્થાપકશ્રી)
સરનામુઃ– પ્લોટ નં.૩/૧, સેક્ટર–૩,
કંડલા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન.
ગાંધીધામ – કચ્છ. ...... સામાવાળા

**<u>બાબત</u> :– <u>ઔદ્યોગીક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય થવા બાબત...</u>**

---

**અરજદાર તરફે :– વિ. પ્રતિનિધિ શ્રી પ્રેમકુમાર આર. ડાંગર,**
**(અખિલ ભારતીય સફાઈ મજદૂર સંઘનાં રાષ્ટ્રીય અધ્યક્ષ)**
**સામાવાળા તરફે :– વિ. વ. શ્રી એમ. આર. શર્મા.**

---

## –:: <u>હુકમ</u> ::–

**(૧)** સદર કામે અરજદારને તેમના પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય સારૂ સદરહું રેફરન્સ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, ગાંધીધામનાંઓના તા.૦૫/૦૪/૨૦૨૧ ના હુકમ ક્રમાંકઃ કે.એચ/એસ./એચ.એમ.સી./કે.યુ.ટી./૫૮/૨૦૨૧ થી તા.૦૯/૦૪/૨૦૨૧ ના રોજ વાળા પત્રથી અત્રેની અદાલતને મોકલવામાં આવેલ છે. સદર રેફરન્સ હાલનાં કામે આંક–૦૧ થી રજુ છે.

શ્રી રમેશકુમાર ગમનારામ મેંસનને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

**(૨)** સદર રેફરન્સ દાખલ થતાં આ કામના અરજદારને આંક–૦૨ થી નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ અરજદારને બજી ગયેલ હોવા અંગેની અસલ પોષ્ટલ એક્નોલેજમેન્ટ આંક.૦૩ થી રેકર્ડમાં રજુ છે.

**(૩)** હાલનાં કામે અરજદાર તેમના વિ.પ્રતિનિધિશ્રી પ્રેમકુમાર આર.ડાંગર (અખિલ ભારતીય સફાઈ મજદૂર સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ) મારફત હાજર થયેલ છે અને આંક–૦૫ થી માંગણા નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં હકીક્ત એવી છે કે, અમો અરજદારને સામાવાળા સંસ્થાએ તા.૦૧/૦૪/૧૯૯૧ નાં રોજ ગેસ્ટ હાઉસમાં કુક, પદ ઉપર ભરતી કરાયા બાદ ૧૨ થી ૨૪ કલાકની દરરોજ ફરજ બજાવવા સામે સામાવાળા સંસ્થા તરફથી અમો અરજદારને માસિક વેતન રૂા.૨૨,૦૨૦/– ચુકવવામાં આવેલ છે. જેથી અમો અરજદાર ઔદ્યોગિક કામદારની વ્યાખ્યામાં આવીએ છીએ. આ કામના સામાવાળા સંસ્થા કંડલા સ્પેશીયલ ઈકોનોમિક ઝોન, ગાંધીધામ ખાતે પોતાની ફેક્ટ્રીમાં પર્ફ્યુમ્સ અને બ્યુટી પ્રોડક્ટસનું ઉત્પાદન કરે છે. આ કામના સામાવાળા સંસ્થા આશરે ૫૦૦ થી વધુ કામદારો ધરાવતી ઔદ્યોગીક સંસ્થા છે. આ કામના સામાવાળા સંસ્થા દેશના જુદા–જુદા રાજ્યોમાં શાખાઓ ધરાવે છે અને ત્યાંથી તેમના અધિકારીઓ કામસર ગાંધીધામ આવે ત્યારે તેમને લોજીંગ અને બોર્ડીંગની સુવિધાઓ પુરી પાડવા માટે ગાંધીધામ

ખાતે સેક્ટર–૧ માં પ્લોટ નં.૭૯ અંતર્ગત એક ગેસ્ટ હાઉસ સ્થાપેલ છે. આ કામના સામાવાળા સંસ્થાના ગેસ્ટહાઉસમાં કુકની જરૂરિયાત ઊભી થતા તેઓએ ભરતી કરી આ કામના અરજદારને તા.૦૧/૦૪/૧૯૯૧ ના રોજ નિમણુંક આપેલ ત્યારથી અમો અરજદાર સળંગ ફરજ બજાવેલ છે. આ કામના સામાવાળા સંસ્થાના મેનેજરશ્રીએ અમો અરજદાર અનુસુચિત જાતિના હોવાની જાણ થતા તેઓએ તા.૦૧/૦૧/૨૦૧૯ ના રોજથી ગેસ્ટ હાઉસની સેવાઓ બંધ કરેલ અને બહારથી આવતા અધિકારીઓને હોટલોમાં રોકાવવાનું શરૂ કરેલ છે. આ કામના સામાવાળા સંસ્થાના મેનેજરશ્રીએ અમોને સર્વંટ ક્વાર્ટર ખાલી કરવા કહેતા અમો અરજદારે તે ક્વાર્ટર ખાલી ન કરતા અમોની બદલી સામાવાળા સંસ્થા દ્વારા તા.૨૮/૧૨/૨૦૧૮ ના રોજ કંડલા સ્પેશ્યલ ઇકોનોમિક ઝોનમાં આવેલ ફેક્ટ્રીમાં કરેલ ત્યાં અમો અરજદાર હાજર થવા ગયેલ ત્યારે સામાવાળા સંસ્થાના મેનેજરશ્રીએ કહેલ કે અહીંયા કુકની કોઈ જગ્યા નથી તેથી હાલ તમોએ સફાઈ કામ કરવું પડશે જે સાંભળીને અમો પરત આવી ગયેલ. સામાવાળા સંસ્થાએ નિમણુક સમયે અમો અરજદારને નિમણુક પત્ર, સેવાની શરતો કે સ્થાયી હુકમો આપેલ નથી અને અમો અરજદારને નોકરીની શરતોમાં ટ્રાન્સફર કરવાની કોઈ શરત પણ જણાવેલ નથી. આથી અમો ટ્રાન્સફર વાળી જગ્યાએ હાજર ન થતા તા.૦૧/૦૧/૨૦૧૯ ના રોજ સામાવાળા સંસ્થાએ અમારો પગાર અટકાવી ફરજમાંથી છુટા કરેલ છે. આ બાબતનો ઔદ્યોગીક વિવાદ સમાધાન અધિકારીશ્રી, ગાંધીધામ સમક્ષ રજુ કર્યા બાદ ખોટા આક્ષેપો મુકીને તા.૦૬/૧૧/૨૦૧૯ નાં રોજ અધુરો આક્ષેપનામો આપેલ જેનો અમો અરજદારે તા.૧૫/૧૧/૨૦૧૯ ના રોજ જવાબ આપેલ તેમ છતાં સામાવાળા સંસ્થાએ ખાતાકીય તપાસ કરી આક્ષેપોની લગતા દસ્તાવેજી આધારો પુરા પાડ્યા વગર અને પ્રતિનિધિ નિમણુંકની તક આપ્યા વગર આક્ષેપો સાબિત થયા વિના એક તરફી તપાસ ચલાવીને તા.૨૫/૦૨/૨૦૨૧ નાં રોજ સેવા સમાપ્તિ આદેશ મોકલાવેલ છે. અમો અરજદારનું તા.૦૧/૦૧/૨૦૧૯ ના રોજથી સામાવાળા સંસ્થાએ વેતન ચુકવવાનું બંધ કરેલ છે. આમ સામાવાળા સંસ્થાએ અમો અરજદારને તા.૦૧/૦૧/૨૦૧૯ નાં રોજ નોકરીમાંથી છુટા

કરેલ છે. અમો અરજદારને નોકરીમાંથી છુટા કર્યા પહેલાના ૧૨ મહિના અર્થાત એક કેલેન્ડર વર્ષની સળંગ નોકરી સામાવાળા સંસ્થામાં પૂર્ણ કરેલ છે. ત્યારબાદ અમો અરજદારે અખિલ ભારતીય સફાઈ મજદૂર સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી તથા રાષ્ટ્રીય પ્રધાન મહાસચિવશ્રી સમક્ષ તા.૨૩/૦૩/૨૦૨૧ નાં રોજ લેખિત રજૂઆત કરતા તેઓએ તા.૧૫/૦૫/૨૦૧૯ અને તા.૨૩/૦૩/૨૦૨૧ નાં રોજ મદદનિશ શ્રમ આયુક્તશ્રી, ગાંધીધામ સમક્ષ આઈ.ડી.આર. એક્ટની કલમ ૧૦(૧) હેઠળ ફરિયાદ દાખલ કરેલ હતી ત્યાં અમો બંને પક્ષકારોને નોટીસ પાઠવીને સમાધાનની વાટાઘાટા માટે બોલાવેલ પરંતુ સમાધાન શક્ય નહી થતા રાજ્ય સરકારશ્રીએ આ ઔદ્યોગિક વિવાદ ન્યાય નિર્ણય અર્થે આપ નામદાર કોર્ટ સમક્ષ રેફરેન્સ કરી દાદ માંગેલ છે કે અમો અરજદારને છુટા કરવાનું સામાવાળાનું પગલુ ગેરકાયેદસર ઠરાવી નોકરીમાંથી છુટા કર્યા તારીખથી પડતર દિવસોના સંપૂર્ણ વેતન તથા આનુષાંગીક લાભો ચુકવવા સહીત સળંગ નોકરી ગણાય તે રીતે મુળ જગ્યા ઉપર અમોને પુનઃસ્થાપિત કરવાનો હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે. વધુમાં આ રેફરન્સ સામાવાળાની કસુરના કારણે કરવો પડેલ હોય રેફરન્સ ખર્ચના રૂા.૨૫,૦૦૦/– અપાવવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામનાં સામાવાળા સંસ્થાને આંક–૬ થી નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ સામાવાળા સંસ્થાને બજી ગયેલ હોવા અંગેની અસલ પોસ્ટલ એક્નોલેજમેન્ટ આંક–૭ થી રેકર્ડમાં રજુ છે. ત્યારબાદ સામાવાળા સંસ્થા તરફે વિ.વ.શ્રી એમ. આર. શર્મા દ્વારા આંક–૧૧ થી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં અરજદારનાં માંગણાના નિવેદનની હકીક્તોનો સ્પષ્ટ કબુલ કર્યા સિવાયની તમામ હકીક્તોનો ઈન્કાર કરીને વધુમાં જણાવે છે કે, અમોની ભારતીય કંપની અધિનિયમ ૧૯૫૬ની જોગવાઈઓ હેઠળ સ્થાપિત સંસ્થા છે અમારી રજિસ્ટર્ડ ઓફિસ મુંબઈમાં છે અને પ્લોટ નં.૩/૧, સેક્ટર–૩, કાસેઝ ગાંધીધામ ખાતે એક પ્લાન્ટ તથા ગાંધીધામ ખાતે જ એક ગેસ્ટ હાઉસ છે તેમા હાલનાં કામના અરજદારને તા.૦૪/૦૧/૧૯૯૧ ના રોજ કુક તરીકે નિમણુંક કરવામાં આવેલ અને ગેસ્ટ હાઉસના પાછળના ભાગે એક રૂમ અને રસોડા વાળી જગ્યા રહેણાંક માટે

ફાળવી આપવામાં આવેલ જે જગ્યા હાલના અરજદારના કબ્જામાં છે. હાલના અરજદારનું વર્તન સામાવાળી સંસ્થા સામે સારૂ નહોતુ અને હાલના અરજદારે ગાંધીધામ કોર્ટમાં પ્લોટ નં.૭૯, સેક્ટર–૧, ગાંધીધામ બાબતે રેગ્યુલર સિવિલ સ્યુટ નં.૧૩૯/૨૦૧૯ અને રેગ્યુલર સિવિલ સ્યુટ નં.૫૯/૨૦૧૯ ડીક્લેરેશન એન્ડ પરમેનન્ટ ઈન્જેકશન મેળવવા દાખલ કરેલ હતા. હાલનાં અરજદારની સામે સામાવાળા સંસ્થામાં ગેરવર્તણુંક માટે ચાર્જશીટ કરી તેની સંસ્થાના મેનેજમેન્ટ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને જેમાં હાલનાં અરજદાર સામે લગાવવામાં આવેલ આરોપો સાબિત થતા તેની સેવાની શરતો અનુસાર તેમને યોગ્ય તકો આપ્યા પછી તા.૨૫/૦૨/૨૦૨૧ ના પત્ર દ્વારા નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હતા. હાલના અરજદારને સામાવાળા સંસ્થા દ્વારા તા.૨૫/૦૨/૨૦૨૧ ના રોજના ટર્મિનેશન લેટર મળ્યાના એક મહિનાની અંદર પોતાનું રહેણાંક ખાલી કરવાનું જણાવેલ હતું પરંતુ ત્યારબાદ પણ અરજદારે તે રહેણાંક મકાનનો ઉપયોગ કરી રહ્યા હોય તેમને નોકરીમાંથી છુટા કર્યા હોવા છતાં જગ્યાનો કબ્જો સોંપવામાં નિષ્ફળ ગયેલ છે. હાલના સામાવાળા સંસ્થા દ્વારા સ્વીકારવામાં આવે છે કે અરજદાર તેઓની સંસ્થામાં નોકરી કરતા હતા પરંતુ એવું માનવામાં આવતુ નથી કે તેઓ દરરોજ ૧૨ થી ૧૪ કલાક કામ કરતા હતા. હાલના સામાવાળા સંસ્થા દ્વારા અરજદારનાં નિવેદનના પારા નં.૩ થી ૫ ની હકિકતોનો સ્પષ્ટ પણે ઈન્કાર કરેલ છે અને અરજદાર માંગણાના નિવેદન મુજબ કાંઈ પણ મેળવવા હક્કદાર નથી અને તેથી અરજદારની હાલની અરજી ચલાવવા પાત્ર ન હોય ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) હાલના કામે અરજદાર તરફે આંક–૧૨ થી પ્રોડકશન અરજી રજુ થયેલ છે પરંતુ ઘણી મુદતો પછી પણ સામાવાળા દ્વારા પ્રોડકશન અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ ન હોવાથી અરજદાર તરફે આંક–૧૩ થી સામાવાળાનો પ્રોડકશન ઓફ ડોક્યુમેન્ટસ અરજીનો જવાબ આપવાનો હક્ક બંધ કરવાની અરજી કરવામાં આવેલ છે જેમાં નામદાર અદાલત દ્વારા સામાવાળા સંસ્થાનો પ્રોડકશન અરજીનો જવાબ માટેનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે ત્યારબાદ અત્રેની અદાલત દ્વારા તા.૦૨/૦૧/૨૦૨૩ ના રોજ સદર

પ્રોડકશન અરજી અંશતઃ મંજુર કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજી પૈકી અરજદારને છુટા કર્યા અગાઉનાં ૨૪ મહીનાનાં હાજરી પત્રક તથા વેતન ચુકવણી રજીસ્ટર સામાવાળા સંસ્થાએ રજુ કરવા અને જો દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય, તો તે બાબતે અત્રેની કોર્ટમાં સોગંદનામું રજુ કરવા હુકમ કરવામાં આવેલ છે.

(૬) અરજદાર તરફે નીચે મુજબના મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

- **મૌખીક પુરાવા ::–**

 ૧. આંક–૧૫ થી અરજદાર શ્રી રમેશકુમાર ગમનારામ મેંશનનું પુરાવાનું સોગંદનામું

- **દસ્તાવેજી પુરાવા ::–**

| અનું. નં. | વિગત | આંક/માર્ક |
|---|---|---|
| 1. | નામદાર પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટમાં દાખલ કરેલ રેગ્યુલર દિવાની દાવા નંબર ૧૩૯/૨૦૧૮ ની દાવા અરજીની ખરી નકલ તારીખ:૧૦/૧૦/૨૦૧૮ | ૨૨ |
| 2. | રેગ્યુલર દિવાની દાવા નંબર ૧૩૯/૨૦૧૮ ના હુકમની ખરી નકલ તા.૩૦/૦૯/૨૦૨૨ | ૨૩ |
| 3. | રેગ્યુલર દિવાની દાવા નંબર ૧૩૯/૨૦૧૮ સાથે દાખલ કરેલ મનાઈ હુકમની અરજી અને તેને લગત હુકમની ખરી નકલ તા.૦૫/૦૭/૨૦૧૯ | ૨૪ |
| 4. | રેગ્યુલર દિવાની દાવા નંબર ૫૯/૨૦૧૯ ની દાવા અરજીની ખરી નકલ તા. ૦૧/૦૪/૨૦૧૯ | ૨૫ |
| 5. | રેગ્યુલર દિવાની દાવા નંબર ૫૯/૨૦૧૯ ની વિડ્રો પુરસીસ લગત કરેલ હુકમ તારીખ: ૦૭/૦૧/૨૦૨૩ | ૧૯/૫ |
| 6. | અરજદારનીનાં આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ | ૨૬ |
| 7. | અરજદારનાં જાતિના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ | ૨૭ |
| 8. | અરજદારનાં નોમિનેશનનાં ફોર્મ – એફ ની પ્રમાણિત નકલ તા.૦૫/૦૭/૧૯૯૨ | ૨૮ |

| | | |
|---|---|---|
| 9. | પ્રથમ પગાર સ્લિપની પ્રમાણીત નકલ (એપ્રિલ–૧૯૯૧) | ૨૯ |
| 10. | અરજદારનાં આઈ–કાર્ડની પ્રમાણીત નકલ | ૩૦ |
| 11. | પગાર ચુકવણાની બેંકના સ્ટેટમેન્ટ સને–૨૦૧૭ થી સને–૨૦૨૧ ની નકલ | ૩૧ |
| 12. | સામાવાળા સંસ્થાએ અરજદારને પાઠવેલ ટ્રાન્સફર ઓર્ડરની પ્રમાણિત નકલ તા.૨૮/૧૨/૨૦૧૮ | ૩૨ |
| 13. | અરજદારએ મંડળ સમક્ષ કરેલ રજૂઆતનો પત્ર તા.૨૭/૦૪/૨૦૧૯ | ૩૩ |
| 14. | મંડળ તરફથી સામાવાળા સંસ્થાને પાઠવેલ નોટીસની નકલ તા.૨૯/૦૪/૨૦૧૯ | ૩૪ |
| 15. | મંડળ તરફથી સરકારી શ્રમ અધિકારીને કરેલ ફરિયાદની નકલ તા.૧૫/૦૫/૨૦૧૯ | ૩૫ |
| 16. | મદદનીશ શ્રમ આયુક્તશ્રીએ સામાવાળા સંસ્થાને પાઠવેલ કારણદર્શક નોટીસની નકલ, તા.૧૨/૦૯/૨૦૧૯ | ૩૬ |
| 17. | સામાવાળા સંસ્થાએ સરકારી શ્રમ અધિકારીશ્રીની કારણદર્શક નોટીશના આપેલ જવાબની નકલ, તા.૧૭/૧૦/૨૦૧૯ | ૩૭ |
| 18. | સરકારી શ્રમ અધિકારીએ મંડળને પાઠવેલ પત્રની નકલ, તા.૦૯/૧૧/૨૦૧૯ | ૩૮ |
| 19. | સરકારી શ્રમ અધિકારીને મંડળ તરફથી આપેલ પ્રત્યુત્તરની નકલ તા.૧૮/૦૧/૨૦૨૦ | ૩૯ |
| 20. | અરજદારની ફરીયાદ સરકારી શ્રમ અધિકારીએ દફતરે કર્યાની જાણની નકલ, તા.૦૬/૦૨/૨૦૨૦ | ૪૦ |
| 21. | મંડળ તરફથી સરકારી શ્રમ અધિકારીને અનફેયર લેબર પ્રેકટીશ કર્યા અંગેની જાણ કરતી નોટીસની નકલ, તા.૧૨/૦૩/૨૦૨૦ | ૪૧ |
| 22. | સામાવાળા સંસ્થાને જી.એલ.ઓ.એ પાઠવેલ કારણદર્શક નોટીસની નકલ,તા.૨૪/૧૧/૨૦૨૦ | ૪૨ |
| 23. | સામાવાળા સંસ્થાએ કારણદર્શક નોટીશનાં આપેલ જવાબની નકલ, તા.૦૨/૧૨/૨૦૨૦ | ૪૩ |
| 24. | જી.એલ.ઓ. એ અરજદારને પાઠવેલ પત્રની નકલ, તા.૨૧/૧૨/૨૦૨૦ | ૪૪ |

| | | |
|---|---|---|
| 25. | સામાવાળાએ અરજદારને ફાળવેલ કારણદર્શક નોટીશની નકલ, તા.૨૫/૦૯/૨૦૧૯ | ૪૫ |
| 26. | અરજદારે સામાવાળાને આપેલ જવાબની નકલ, તા.૦૪/૧૦/૨૦૧૯ | ૪૬ |
| 27. | સામાવાળાએ અરજદારને આપેલ ચાર્જશીટની નકલ, તા.૦૬/૧૧/૨૦૧૯ | ૪૭ |
| 28. | અરજદારે સામાવાળા સંસ્થાને આપેલ જવાબની નકલ, તા.૧૫/૧૧/૨૦૧૯ | ૪૮ |
| 29. | અરજદારે સામાવાળા સંસ્થાને આપેલ વિશેષ જવાબની નકલ, તા.૧૬/૧૧/૨૦૧૯ | ૪૯ |
| 30. | સામાવાળાએ અરજદારને તપાસ અંગે આપેલ નોટીશની નકલ, તા.૨૦/૧૦/૨૦૨૦ | ૫૦ |
| 31. | અરજદારે સામાવાળાને આપેલ જવાબની નકલ, તા.૨૯/૧૦/૨૦૨૦ | ૫૧ |
| 32 | સામાવાળાના તપાસ અધિકારીએ આપેલ નોટીશની નકલ, તા.૦૨/૧૧/૨૦૨૦ | ૫૨ |
| 33. | સામાવાળાએ અરજદારને છુટા કર્યાના હુકમની નકલ, તા.૨૫/૦૨/૨૦૨૧ | ૫૩ |

(ત્યારબાદ અરજદાર તરફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક–૫૪ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે.)

**(૭)** સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

➢ **મૌખીક પુરાવા ::–**

૧. આંક–૫૬ થી સાહેદશ્રી વિજય ગણપતી હેગડેનું પુરાવાનું સોગંદનામું.

➢ **દસ્તાવેજી પુરાવા ::–**

| **અનું. નં.** | **વિગત** | **આંક/માર્ક** |
|---|---|---|
| 1. | રજી. એડી. દ્વારા અરજદારને સામાવાળા દ્વારા નોકરીમાંથી છુટા કર્યા અંગેના પત્ર નં.BPBP/20–21/36 ની ખરી નકલ તા.૨૫/૦૨/૨૦૨૧ | ૬૦ |

| | | |
|---|---|---|
| 2. | પોસ્ટલ એકનોલેજમેન્ટની ખરી નકલ | ૬૧ |
| 3. | સામાવાળા દ્વારા રજીસ્ટર એ.ડી. થી અરજદારને મોકલાવેલ પત્રની ખરી નકલ, તા.૧૫/૧૨/૨૦૨૦ | ૬૨ |
| 4. | અરજદાર દ્વારા સામાવાળાને મુદત મળવા માટે લખેલ અરજીની ખરી નકલ, તા.૧૯/૧૨/૨૦૨૧ | ૬૩ |
| 5. | ઈન્કવાયરી રિપોર્ટની ખરી નકલ, તા.૦૨/૧૨/૨૦૨૦ | ૬૪ |
| 6. | તપાસ અધિકારી સમક્ષ વિજય હેગડે દ્વારા આપવામાં આવેલા નિવેદનની ખરી નકલ, તા.૨૦/૧૧/૨૦૨૦ | ૬૫ |
| 7. | તપાસ અધિકારી સમક્ષ જોન વર્ઘીસ દ્વારા આપવામા આવેલા નિવેદનની ખરી નકલ, તા.૦૨/૧૧/૨૦૨૦ | ૬૬ |
| 8. | સામાવાળા દ્વારા અરજદારને લખેલ પત્રની નકલ, તા.૨૦/૧૦/૨૦૨૦ | ૬૭ |
| 9. | અરજદાર દ્વારા સામાવાળાને આપવામાં આવેલા જવાબની નકલ, તા.૨૯/૧૦/૨૦૨૦ | ૬૮ |
| 10. | ચાર્જશીટની ખરી નકલ, તા.૦૬/૧૧/૨૦૧૯ | ૬૯ |
| 11. | સામાવાળા દ્વારા અરજદારને લખેલ પત્રની નકલ, તા.૨૯/૦૬/૨૦૧૯ | ૭૦ |
| 12. | સામાવાળા દ્વારા અરજદારને લખેલ પત્રની નકલ, તા.૦૬/૦૫/૨૦૧૯ | ૭૧ |

( ત્યારબાદ સામાવાળા સંસ્થા તરફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક–૭૨ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે.)

(૮) હાલના કામે અરજદાર તરફે આંક–૭૫ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે જેમાં પોતાના માંગણાના નિવેદનની હકીકતોને વળગી રહેલ છે અને વધુમાં જણાવેલ છે કે, હાલના અરજદાર તા.૦૧/૦૪/૧૯૯૧ થી સામાવાળા સંસ્થાનાં ગેસ્ટ હાઉસમાં કૂક પદ ઉપર દરરોજ ૧૨ થી ૨૪ કલાકની ફરજ બજાવતા હતા અને અરજદારને છેલ્લો વેતન પગાર રૂા.૨૨,૦૨૦/– ચૂકવેલ છે. જેથી અરજદાર "કામદાર" ની વ્યાખ્યામાં આવે છે અને સામાવાળા સંસ્થા કંડલા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન, ગાંધીધામ ખાતેની ફેકટરીમાં પરફ્યુસ અને બ્યુટી પ્રોડકટસનું ઉત્પાદન કરીને બહારના દેશોમાં વેચાણ કરે છે અને ફેકટરીમાં આશરે ૫૦૦ જેટલા કામદારો કામ કરે છે. જેથી હાલના સામાવાળા "ઉદ્યોગ" ની વ્યાખ્યામાં આવે છે. સામાવાળા

સંસ્થા દ્વારા અરજદાર અનુસૂચિત જાતિના હોવાથી ગેસ્ટ હાઉસમાં આવતા બહારના અધિકારીઓને હોટલોમાં મોકલી દેવામાં આવતા હતા અને અરજદારની તા.૨૮/૧૨/૨૦૧૮ નાં રોજ કંડલામાં આવેલ ફેક્ટરીમાં ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરેલ અને ટ્રાન્સફર વાળી જગ્યાએ અરજદાર હાજર થતા કૂક સિવાયની સફાઈની કામગીરી કરવાનું કહેલ જેથી અરજદાર ડ્યુટી જોઈન કર્યા વગર પાછા આવતા રહેલ હતા. જેથી સામાવાળાએ અરજદારને તા.૦૧/૦૧/૨૦૧૯ ના રોજથી પગાર ચુકવેલ નથી અને અરજદાર સામે ગેરવર્તનની ચાર્જશીટ કરી તે અંગે તપાસ ચલાવી ખોટી દોષિત ઠરાવી હાલના કામના અરજદારને આ કામના સામાવાળાએ તા.૨૫/૦૨/૨૦૨૧ ના રોજ સેવા સમાપ્તિનો આદેશ ટપાલ દ્વારા મોકલાવી નોકરીમાંથી છુટા કરેલ છે. આથી અમો આ કામના અરજદારને સામાવાળા સંસ્થા દ્વારા ગેરકાયદેસર રીતે ફરજમાંથી છુટા કર્યાની તા.૦૧/૦૧/૨૦૧૯ થી પડતર દિવસોના સંપૂર્ણ વેતન તથા આનુષાંગિક લાભો ચુકવવા સહીત સળંગ નોકરી ગણાય તે રીતે નોકરીની મૂળ જગ્યા ઉપર પુનઃસ્થાપિત કરવા વિનંતી કરેલ છે. તથા આ કામના અરજદાર તરફથી નામદાર સુપ્રિમ કોર્ટે ફરમાવેલ નીચે મુજબનાં ચુકાદા ઉપર ભરોસો મૂકવામાં આવેલ છે.

(A) The Division Bench of Hon'ble Supreme court held in Swati Pridarshini V/s. The State of Madhya Pradesh & Ors on Dt.22/08/2024.

(B) The Division Bench of Hon'ble Supreme Court held in Debesh Chandra Das V/s. Union of India on Dt.08/04/1969.

(C ) The Division Bench of Hon'ble Supreme Court held in Fakirbhai Fulabhai Solanki V/s. Presiding Officers & Ors on Dt.08/05/1986.

(D) The Division Bench of Hon'ble Supreme Court held in U.P.Textile Corporation Ltd. V/s. P.C.Chaturvedi & Ors on Dt.03/10/2005.

(E) The Constitutional Bench of Hon'ble Supreme Court held in K.H.Phadnis V/s. State of Maharashtra on Dt.19/03/1971.

(F) The three judges bench of Hon'ble Supreme Court held in People's Union for Democratic s Rights V/s. Union of India.

( ઉપરોક્ત રજુ કરવામાં આવેલ ચુકાદાઓ માનસહઃ વંચાણે લેવામાં આવેલ છે પરંતુ આ ચુકાદાઓના તથ્યો હાલનાં કેસને મદદ કરતા નથી.)

(૯) સામાવાળા સંસ્થાના વિદ્ધાન વકીલ શ્રી એમ. આર. શર્મા દ્ધારા લેખિત દલીલ રજુ કરેલ છે જેમાં પોતાના જવાબની હકીકતોનું પુનઃરાવર્તન કરી વધુ જણાવેલ છે કે, હાલના અરજદારને ટર્મિનેટ કરવાનું પગલું કાયદેસર રીતે વાજબી હતુ અને યોગ્ય પ્રક્રિયા અનુસરીને લેવામાં આવેલ હતું અરજદારને તા.૦૪/૦૧/૧૯૯૧ ના રોજ કૂક તરીકે પ્લોટ નં.૭૯, સેક્ટર-૧, ગાંધીધામ ખાતે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેઓને મેનેજમેન્ટ દ્ધારા ગેરવર્તનનું ચાર્જશીટ કરી યોગ્ય તકો આપી તપાસ ચલાવી આરોપો સાબિત થયા બાદ તા.૨૫/૦૨/૨૦૨૧ ના રોજ નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા હતા. અરજદારની ટ્રાન્સફર કરવામાં આવેલ તે સ્થળ વચ્ચે અંતર માત્ર ૩ થી ૪ કિ.મી.નું જ હતું. આ કામના અરજદાર દ્ધારા સામાવાળા સંસ્થાને ખોટી રીતે હેરાન કરવા માટે રહેણાંક મકાનનાં હક્કો માટેના ખોટા દાવા ગાંધીધામ કોર્ટમાં કરેલ છે જે પણ તેમની વિરૂધ્ધમાં આવેલ છે. વધુમાં અરજદાર દ્ધારા રેગ્યુલર સિવિલ સ્યુટ નં.૫૯/૨૦૧૯ પાછો ખેંચી લેવામાં આવ્યો છે. આથી હાલનાં કામે અરજદારને નોકરીમાંથી છુટા કરવાનો હુકમ યોગ્ય ગણાવી તેને પાછલા વેતન અથવા કોઈપણ ખર્ચ સાથે પુનઃસ્થાપનની રાહત મેળવવા માટે હકદાર નથી તેવો હુકમ ફરમાવવા તથા અરજદાર દ્ધારા દાખલ કરાયેલ રેફરન્સ ખર્ચ સહિત રદ ફરમાવવા વિનંતી કરેલ છે. તથા આ કામના સામાવાળા તરફથી નામદાર સુપ્રિમ કોર્ટે ફરમાવેલ નીચે મુજબનાં ચુકાદા ઉપર ભરોસો મૂકવામાં આવેલ છે.

(1) The Supreme Court's decision in Tushar D. Bhatt Versus State of Gujarat and Another (2009 (11) SCC) strongly favored the Respondent (State of Gujarat and Another) by upholding the disciplinary action taken against the Appellant.

**(૧૦)** હાલનાં કામે રજુ સમગ્ર કેસનું રેકર્ડ, મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા, લેખીત દલીલો ધ્યાને લેતાં કેસનાં ન્યાયીક નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –:: <u>મુદ્દાઓ</u> ::–

૧. શું અરજદાર પુરવાર કરે છે કે તેઓને સામાવાળા સંસ્થા દ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે ?

૨. શુ અરજદાર પુરવાર કરે છે કે તેઓ પડેલા દિવસોનાં પગાર સાથે, નોકરી પરત્વેના તમામ આનુષાંગીક લાભો સાથે પુનઃસ્થાપિત થવા હક્કદાર થાય છે ?

૩. શું હુકમ ?

**(૧૧)** ઉપરોક્ત મુદ્દાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

## –:: <u>કા ર ણો</u> ::–

**(૧૨) <u>મુદ્દા નં.૦૧ તથા નં.૦૨</u> ::–**

મુદ્દા નં.૦૧ તથા નં.૦૨ ની હકીક્તો એકબીજા સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારૂં મુદ્દા નં.૦૧ તથા નં.૦૨ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુક્ત તારણ આપવામાં આવેલ છે.

**(૧૨.૧)** હાલનાં કામે અરજદાર સામાવાળા સંસ્થાના કામદાર ન હોવા બાબતે કોઈ ડિસ્પુટ છે નહીં. સામાવાળી સંસ્થા પણ અરજદારને પોતાના કામદાર હોવાનું સ્વીકારે છે તેમજ અરજદારે તેઓને નોકરીમાંથી છુટા કર્યા અગાઉના એક વર્ષમાં ૨૪૦ દિવસ કાર્ય કરેલ નથી તેવા કોઈ વાંધા પણ લેવામાં આવેલ નથી. જેથી તે અંગે અત્રે કોઈ ચર્ચા કરવાની રહેતી નથી.

અરજદારને સામાવાળા સંસ્થાએ તારીખ ૨૫/૦૨/૨૦૨૧ ના રોજ ખાતાકીય તપાસના આધારે નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે જે તપાસ અરજદારના કહ્યા મુજબ કુદરતી ન્યાયનાં સિંધ્ધાંતના વિરૂધ્ધની તેમજ તેઓની નિર્દોષ સાબીત કરવાની તક આપ્યા વગર કરેલ હોય તેને રદ કરવા અરજદાર દ્વારા જણાવવામાં આવેલ છે જેથી હાલનાં કેસમાં એ જોવાનું રહે છે કે અરજદારને ખાતાકીય તપાસ વખતે બચાવની પુરતી તક આપવામાં આવેલ છે કે કેમ તેમજ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધની છે કે કેમ.

હાલનાં અરજદાર સને ૧૯૯૧ માં નોકરીમાં જોડાયેલા ત્યારથી લઈ તેઓને નોકરીમાંથી છુટા કર્યા ત્યાં સુધી તેઓએ હાલની સામાવાળી સંસ્થામાં કામગીરી કરેલ છે તેમજ આ અગાઉ ક્યારેય તે સંસ્થા સામે કોઈ ફરિયાદ કરેલ નથી. હાલનાં અરજદારનાં માગંણાં નિવેદનને વંચાણે લઈએ તો તેમાં અરજદારે જણાવેલ છે કે તેઓ હાલની સંસ્થામાં સંસ્થાના ગેસ્ટહાઉસમાં કુક તરીકે જોડાયેલા હતા તેમજ કંપની દ્વારા તેઓને સર્વન્ટ ક્વાર્ટર રહેવા માટે આપવામાં આવેલ અને તેમાં તેઓ નોકરીમાં જોડાયા ત્યારથી રહેતા હતા અને કંપની દ્વારા તારીખ ૦૧/૦૧/૨૦૧૯ ના રોજથી ગેસ્ટ હાઉસની સેવાઓ બંધ કરી બહારથી આવતા અધિકારીને હોટલોમાં રોકવાનું શરૂ કરેલ છે અને આ કરવાનું કારણ તેઓ અનુસૂચિત જાતિ હોવાનું જણાવેલ છે.

રેકર્ડ ધ્યાને લઈએ તો જણાઈ છે કે હાલના અરજદાર દ્વારા કંપની દ્વારા જે કવાર્ટર ફાળવવામાં આવેલ હતુ તેનો કબજો જાળવી રાખવા માટે સને ૨૦૧૮ માં આર.સી.એસ. નં.૧૩૯/૨૦૧૮, તા.૧૦/૧૦/૨૦૧૮ ના રોજ દાખલ કરેલ અને તે લગત તારીખ

૩૦/૦૯/૨૦૨૨ ના રોજ હુકમ કરી નામદાર કોર્ટ દ્વારા અરજદારનો દાવો કાઢી નાખવામાં આવેલ. તેમજ અરજદાર દ્વારા સામાવાળી સંસ્થાના ક્વાર્ટર બાબતે બીજો અન્ય દાવો જે આર.સી.એસ. નં.૫૯/૨૦૧૯ પણ દાખલ કરેલ જેમાં પણ અરજદારની દાદ એવી હતી કે દાવાવાળી મિલકત ઉપર અરજદારનો હક્ક છે તેમજ સામાવાળાને અરજદારની સંમતિ વગર દાવાવાળી મિલકત વેંચાણ કરવાનો કોઈ હક્ક અધિકાર નથી તેવુ ડેકલેરેશન કરવા માટેનો હતો અને જે દાવો અરજદાર દ્વારા વિડ્રો કરવામાં આવેલ. આમ, અરજદાર સંસ્થા દ્વારા તેઓને રહેવા માટે જે કવાર્ટર ફાળવવામાં આવેલ હતું તેના ઉપર પોતાનો અધિકાર હોવાનું માની બેઠા હતા. આમ અરજદારની કન્ડક્ટ સામાવાળા સંસ્થા સાથે યોગ્ય ન હોવાનું જણાઈ આવે છે.

અરજદારે ઉપરોક્ત જણાવેલ બે દાવા કરેલ અને તે કરવાનું કારણ અરજદારનાં જણાવ્યા મુજબ તેઓ અનુસૂચિત જાતિના હોય તેઓને ખોટી રીતે અન્ય સ્થળે ટ્રાન્સફર કરી નોકરીમાંથી કાઢી મુકવા માટે કરેલ પરંતુ ખરી હકીક્તે રેકર્ડ ઉપરથી ફલિત થાય છે કે કંપનીએ ગેસ્ટહાઉસની જરૂરિયાત ન રહેતા ગેસ્ટ હાઉસ બંધ કરી દીધેલ અને કંપની પોતાના આવતા મહેમાનોને હોટલમાં રોકાણ આપતી હતી અને આ જ હકીક્ત અરજદારે પોતાના માંગણાનાં નિવેદનમાં સ્વીકારેલ છે તેમજ આ બાબતે અરજદાર દ્વારા મદદનીશ શ્રમ આયુક્તની કચેરીમાં અરજી કરેલ અને તે અરજી લગતે મદદનીશ શ્રમ આયુક્તની કચેરી દ્વારા તપાસ પણ કરવામા આવેલ અને **તપાસના અંતે મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા આંક-૪૦ થી રજુ પત્ર દ્વારા અરજદારને એવું જણાવવામાં આવેલ કે સંસ્થા દ્વારા વારંવાર અરજદારને કામ પર હાજર થવાનું જણાવેલ છતાં બદલી વાળા કામના સ્થળે અરજદાર હાજર થયેલ નથી જે અનફેર લેબર પ્રેકટીસ ગણી શકાય નહીં તેમજ અરજદારના કહ્યા મુજબ તા.૧૮/૦૧/૨૦૨૦ ના પત્રમાં જણાવેલ છે તે મુજબ અરજદારે હાજર થવાની કોશીશ કરેલ હોય અને અરજદારને બળજબરીપૂર્વક ફોર્સ લેબર કરાવેલ હોય તેવું ફલિત થયેલ નથી જેથી અરજદારની ફરિયાદ દફતરે કરવામા આવેલ** અને આ જ હકિક્ત અરજદાર દ્વારા તેઓના આંક-૧૫ ના સોગંદનામાના પુરાવા લગત થયેલ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે તેમજ **ઉલટ**

**તપાસમાં તે હકિક્ત પણ સ્વીકારેલ છે કે મારી ટ્રાન્સફર થયા પછી હું ક્યારેય મારી નોકરી કરવા સામાવાળી સંસ્થામાં ગયેલ નથી. તેમજ એ હકિક્ત પણ સ્વીકારેલ છે કે સામાવાળા સંસ્થા દ્ધારા અમોને ફરજ ઉપર જોડાવા સારૂ ચાર થી પાંચ વાર પત્ર લખવામાં આવેલ તેમજ એવુ પણ સ્વીકારેલ છે કે શો–કોઝ નોટીસમાં અમો જાણી જોઈને નોકરી પર આવતા નથી તેમ જણાવેલ છે.** તેમજ અરજદારની જે જગ્યાએ બદલી થઈ તે **ગેસ્ટહાઉસથી બે થી ત્રણ કિલો મીટર જ દુર હતી અને આ બાબત સામાવાળા સંસ્થાના સાહેદે આંક–૫૬ લગતની તેઓની ઉલટતપાસમાં જણાવેલ છે** તેમજ એવું પણ જણાવેલ કે કંપનીમાં કોઈ કુકની ભરતી કરેલ નથી આમ રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે કે અરજદારની બદલી કોઈ બીજા યુનિટમાં અન્ય કોઈ રાજ્ય કે શહેરમાં કરવામાં આવેલ નહીં પરંતુ બદલી માત્ર બે થી ત્રણ કિલો મીટર દુર કંપનીમાં જ કરવામાં આવેલ તેમજ અરજદાર દ્ધારા આંક–૩૭ થી હાલનાં કામે સામાવાળા સંસ્થાએ તારીખ ૧૨/૦૯/૨૦૧૯ ની શો–કોઝ નોટીસ સંદર્ભે જવાબ આપેલ છે તેમાં કંપની દ્ધારા સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે અરજદારને કુક તરીકે કાસેઝ સ્થિત કંપનીમાં કામ કરવા જણાવેલ તેમ છતાં તેઓ કામ ઉપર હાજર થયેલ નહીં અને તેઓને તા. ૦૨/૧/૨૦૧૯, તા.૦૭/૦૧/૨૦૧૯, તા.૨૫/૦૧/૨૦૧૯, તા.૦૪/૦૨/૨૦૧૯, તા.૦૬/૦૫/૨૦૧૯, તા.૨૯/૦૬/૨૦૧૯ ના પત્ર વ્યવહારથી જાણ કરવા છતાં કંપનીમાં આવેલ નહીં અને આજદિન સુધી કામ કરવાની તૈયારી બતાવેલ નથી તેમજ એવું પણ જણાવેલ કે આજે પણ તેઓ કામ કરવા ઈચ્છતા હોય તો કાસેઝ સ્થિત કંપનીમાં કુકની પોસ્ટ પર રાખીશુ તેવી ખાત્રી આપીએ છીએ. આમ, સામાવાળા સંસ્થાએ અરજદારને જે પોસ્ટ ઉપર કામ કરતા હતા તે જ પોસ્ટ ઉપર કામે કન્ટીન્યુ રાખવા ખાત્રી આપેલ અને તે રેકર્ડ ઉપર પણ છે અને તેમ છતાં અરજદાર નોકરીએ હાજર થયેલા નથી તે હકિક્ત પણ રેકર્ડ ઉપર છે અને ત્યારબાદ જ કંપની દ્ધારા અરજદાર વિરૂદ્ધ ખાતાકીય તપાસ કરવામા આવેલ અને તે લગતનાં દસ્તાવેજો સામાવાળા સંસ્થા દ્ધારા હાલનાં કામે આંક–૬૦ થી લઈને આંક–૭૧ સુધીના રજુ રાખેલ છે જે વંચાણે લઈએ તો સ્પષ્ટ જણાઈ છે કે અરજદારને ખાતાકીય તપાસનાં કામે દરેક સ્ટેજે હાજર

રહેવાની અને તેઓનો બચાવ કરવાની સામાવાળા સંસ્થા દ્વારા પુરતી તક આપવામાં આવેલ છે અને તે હકિકત પણ અરજદાર દ્વારા પોતાની આંક–૧૫ લગત ઉલટ તપાસમાં સ્વીકારેલ છે અને અરજદાર ખાતાકીય તપાસનાં કામે હાજર ન થતા કાયદા મુજબ એક તરફી ખાતાકીય તપાસ ચલાવી આંક–૬૫ થી કંપની કર્મચારી વિજય હેગડે અને આંક–૬૬ થી કંપનીના કર્મચારી જહોન વર્ગીસની ખાતાકીય તપાસના કામે નિવેદનો લેવામાં આવેલ જે વંચાણે લઈએ તો જણાઈ આવે છે કે અરજદાર તેઓની ટ્રાન્સફર થયા બાદ કંપની દ્વારા વારંવાર લેખિતમાં જાણ કરવા છતાં કંપનીમાં કામ ઉપર હાજર થયેલ નથી અને આ સાહેદોના નિવેદનો લઈ અરજદાર વિરૂધ્ધ પુરતા પુરાવા જણાઈ આવતા તેઓને નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલ.

આમ ઉપરોક્ત જણાવ્યા મુજબ અરજદાર વિરૂધ્ધ થયેલ ખાતાકીય તપાસમાં અરજદારને પુરતી તક આપ્યા બાદ અરજદાર વિરૂધ્ધ પુરતા પુરાવા જણાઈ આવતા તેઓને નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલ છે અને આમ જ્યારે ખાતાકીય તપાસ કુદરતી ન્યાયનાં સિંધ્ધાંત મુજબની હોય અને તેમાં ભુલ જણાઈ આવતી ન હોય ત્યારે અત્રેની કોર્ટે માત્ર એટલું જ જોવાનું રહે છે કે અરજદારને જે સજા કરવામાં આવેલ છે તે પડેલા પુરાવા વિરૂધ્ધની નથી ને તેમજ જે સજા કરવામાં આવેલી છે તે યોગ્ય છે કે કેમ ? તે લગત નીચે મુજબનો નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે.

**IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD**
**SPECIAL CIVIL APPLICATION NO 2073 OF 2020**
**SHREE SOMNATH TRUST**
**VERSUS**
**KAMLESH MANISHANKAR PATHAK**

10. Considering the admission made by the petitioner herein before the learned civil court, in the opinion of this Court, no error has been committed by the learned Industrial Court in holding that the respondent falls within the definition under Section 2(s) of the ID Act and

is, therefore, a "workman.". Having held that the respondent is a workman, the learned court proceeded to examine whether the findings arrived at by the Inquiry Officer were just and proper, and whether the termination order passed was proportionate to the charges leveled. It emerges from the record that the petitioner did not examine any witnesses but did produce documentary evidence, in the nature of appointment of inquiry officer, appointment order of the respondent, inquiry report, show cause notice, memo which are issued against the respondent for remaining absent during the Aarti of the Aghoreshwar temple etc. From the evidence adduced, it appears that the inquiry proceedings were prolonged for a period of 24 years, and based on the depositions of eight witnesses, the Inquiry Officer concluded that the charges against the respondent were proved. It is undisputed fact that the legality and validity of the inquiry remained intact.

10.1. The issue before the learned Labour Court, therefore, was to examine whether the findings recorded during the departmental inquiry were justified based on the charges and whether the punishment imposed was proportionate to the misconduct. The power of the Labour Court or the Tribunal to interfere with the punishment does not cease merely upon a finding that the inquiry was properly conducted and that a valid charge sheet was served. The court retains the

authority to interfere with the quantum of punishment where it finds that the management was actuated by unfair labour practice or victimization. Even if the domestic inquiry is held to be legal and proper, the court can still conclude that the findings are perverse. These are two distinct questions.

(i) the justifiability of the findings and

(ii) the proportionality of the punishment and both are within the scope of examination by the Labour Court based on the facts and circumstances of the case. If one were to peruse the charge sheet issued to the respondent, it refers to acts of alleged misconduct on three specific dates: 15.05.1993, 30.10.1990, and 05.03.1991. However, if one examines the findings of the Inquiry Officer which are said to be based on the evidence of eight witnesses it emerges that the first witness, Mr. Madhubhai Kalamkar, referred to entirely different dates: 07.01.1992, 09.01.1992, 10.01.1992, and 14.09.1992. This witness deposed that the respondent was not present on those dates and that Rojkam was prepared accordingly. Similar depositions were given by other witnesses.

ઉપરોક્ત ચુકાદો ધ્યાને લઈએ તો સ્પષ્ટ થાય છે કે જ્યારે ખાતાકીય તપાસ કુદરતી ન્યાયનાં સિંધ્ધાંત મુજબની હોય ત્યારે માત્ર એટલું જ જોવાનું રહે કે પડેલા પુરાવા વિરૂધ્ધની સજા આપવામાં આવેલ નથી ને અને જે સજા કરવામાં આવેલ છે તે યોગ્ય છે કે  કેમ ?

હાલનાં કામે અરજદારની કન્ડક્ટ જોવામાં આવે તો અરજદારને કંપની દ્વારા રહેવા માટે કેર ટેકર તરીકે જે ક્વાર્ટર ફાળવેલ તેનો

કબજો ગમે તે રીતે નહી છોડવા માટે કંપની વિરૂધ્ધ ખોટા લીટીગેશનો કરેલાનુ રેકર્ડ ઉપર જણાઈ આવે છે અને તે લીટીગેશનો સને ૨૦૧૮ અને ૨૦૧૯માં કરેલા છે અને ત્યારબાદ પણ કંપની દ્ધારા અરજદાર વિરૂધ્ધ ખાતાકીય તપાસ આ ખોટા લીટીગેશનો કર્યાના ૧૧ મહિના પછી તા.૧૫/૦૯/૨૦૧૯ ના રોજ શો–કોઝ નોટીસ આપી પુરતી તક આપ્યા બાદ ચાર્જશીટ કરી પુરાવા લઈ અને પુરાવાનાં અંતે અરજદાર કસુરવાર ઠરતા નોકરીમાંથી બરતરફ કરેલ છે અરજદારને નોકરીમાંથી છુટા કરવાની સજા જે કરવામાં આવેલ છે તે અરજદારની કન્ડક્ટ જોતા યોગ્ય જણાઈ આવે છે કેમ કે અરજદાર ૨૮ વર્ષ સુધી સામાવાળા સંસ્થા સાથે એકધારી નોકરી કર્યા બાદ સંસ્થા વિરૂધ્ધ અનુસૂચિત જાતિના હોય તેઓ સામે કિન્નાખોરી રાખે છે તેવા ખોટા આક્ષેપો કરી ખોટા લીટીગેશનો કરી કંપનીની શાખને નુકશાન પહોંચાડેલ છે તે સામાન્ય ગણી શકાય નહીં તેમજ અરજદાર કોન્સ્ટન્ટ નોકરી પર ગેરહાજર રહેલ છે તે પણ સામાન્ય ગણી શકાય નહીં જેથી સામાવાળા સંસ્થા દ્ધારા અરજદારને ખાતાકીય તપાસના અંતે નોકરીમાંથી છુટા કરવાની સજા કરવામાં આવેલ છે તે યોગ્ય જણાઈ આવે છે જેથી ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ મુદ્દા નં.૦૧ અને ૦૨ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૦૩ લગત નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવેલ છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

(૧) આથી અરજદારનો હાલનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ સંબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) સદર રેફરન્સ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવો.

તારીખ :– ૧૭/૦૪/૨૦૨૬

સ્થળ :– ગાંધીધામ

**(ઝેડ. જી.મોદન)**
પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી, લેબર કોર્ટ,
(જે.ડી.) ગાંધીધામ, જી.કચ્છ.
**<u>JUDGE CODE : GJ</u>** <u>01569</u>